





# શામળાજી પ્રાથમિક શાળા નં. ૨ના ત્રણ ભુલકા થાંભલા નીચે દટાતા ૧નું કરૂણ મોત : બે ઈજાગ્રસ્ત

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે કરમાબાઈ તળાવમાં આવેલી એક વર્ષો જૂની ધૂણીવાળી જગ્યાનો સરકાર દ્વારા વિકાસ કરવામાં આવ્યો છે. પરંતુ આ વિકાસમાં લાખ્ખોના ખર્ચે થયેલા કામની ગુણવત્તા હલકી હોવાથી આનો ભોગ પ્રાથમિક શાળાના નિર્દોષ બાળકો બનતા પ્રજાજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. શામળાજી પ્રા. શાળા નં. ૨માં અભ્યાસ કરતા આર્મીન લાલજીાઈ ભગોરા (ઉં.વ. ૯) ધવલ સુભાષભાઈ ભગોરા તેમજ રાજદીપ ગણેશભાઈ ભગોરા બુધવારે શાળામાં અભ્યાસે આવ્યા હતા. દરમિયાન તેઓ શૌચક્રિયા કરવા ધૂણીવાળી જગ્યાની બાજુ ગયા હતા. દરમિયાન આકસ્મિક રીતે આ છત્રી યમરાજા બની હોય તેમ એક પથ્થરનો થાંભલો તુટીને વિદ્યાર્થીઓ પર પડતા ત્રણેય વિદ્યાર્થીઓ થાંભલા નીચે દટાઈ ગયા હતા. જેમાં આર્મીન લાલજી ભગોરાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કરૂણ મોત નિપજ્યુ હતુ. જ્યારે ધવલ અને રાજદીપને સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. બનાવની જાણ વાલીઓને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને સરકાર અને શામળાજી મંદિરના ટ્રસ્ટીઓ સામે રોષ ઠાલવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં ત્રણ દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા

## ત્રણ દુકાનના તાળા તુટ્યા, એક જ દુકાનદારે ૨,૬૩,૮૨૫ની ફરીયાદ કરી

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા નગરના હાર્દ સમા સરદાર ચોકમાં આવેલી ત્રણ દુકાનોના મંગળવારે મોડી રાત્રે તસ્કરોએ તાળા તોડ્યા હતા. જેમાં એક દુકાનદારે બીડી સીગરેટ-પાન મસાલા-ચાંદીના સિક્કા તથા રોકડ રકમ મળી રૂ. ૨,૬૩,૮૨૫ની માલમત્તાની ચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી હતી. ચોરીની જગ્યાની બાજુમાં જ સરદાર ચોકમાં પોલીસ પોઈન્ટ હોવા છતાં તસ્કરોએ ચોરીને અંજામ આપતા શહેરમાં સનસનાટી સાથે ચકચાર મચી જવા પામી છે.

શહેરમાં મોટી રકમની માલમત્તાની ચોરીના બનાવ અંગે પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્માના ભરચક સરદાર ચોકમાં આવેલી યશ ટ્રેડીંગ નામની દુકાનને મંગળવારે મોડી રાત્રે તસ્કર ટોળકીએ નિશાન બનાવી હતી. દુકાનના શટરના તાળા તોડી દુકાનમાં પ્રવેશ કરી જુદી જુદી જાતની સીગરેટ રૂ. ૧,૩૮,૯૦૦ની કિંમતના ૨૩૦૦ પેકેટ જુદા જુદા જાતના તમાકુ પાન મસાલા રૂ. ૮૬,૭૨૫ની કિંમતના ૭૫ બોક્ષ તથા ૩ કાર્ટુન બીડીના રૂ. ૧૩,૨૦૦ની કિંમતના ૪૪ પેકેટ રોકડ રૂ. ૧,૭૦૦૦ તથા ચાંદીના સિક્કા નંગ ૧૦૦ રૂ. ૮૦૦૦ની કિંમતના મળી કુલ રૂ. ૨૬૩૮૨૫ની માલમત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.




ચોરીની ઘટના અંગે યશ ટ્રેડીંગ કુ.ના માલિક સ્વપ્રીલ ચંપકલાલ શાહે અજાણ્યા અને ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એસ.એમ. ગામેતીએ હાથ ધરી છે.

બે દુકાનદારોએ ફરીયાદ નોંધાવાનું ટાળ્યુ

સરદાર ચોકમાં આવેલી કેસરીયાજી કિરાણા સ્ટોર્સ તથા વિમલનાથ કોર્પોરેશનના પણ તાળા તુટ્યા છે પણ દુકાન માલિકોએ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

# આજથી ત્રણ દિવસ તલોદ બજાર બંધ રહેશે

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ બજારમાં બેરોકટોક ફાલેલા લારી-પાથરણા અને ગલ્લાના કથિત ગેરકાયદેસર દબાણોને દૂર કરવા બજારમાં મિલ્કતો ધરાવતા કાયદેસરના વેપારી સંગઠનોને 'બેજવાબદારી દાખવતા, જવાબદાર તંત્ર' સામે આંદોલન છેડવાની ના છૂટકે ફરજ પડી છે. જે માટે તલોદ બજારના અનેકાનેક વેપારી સંગઠનોની બનેલી 'તલોદ બજાર દબાણ હટાવ લડત સમિતિ'એ હવે આક્રમક વલણ અખત્યાર કરીને આંદોલનના શ્રીગણેશ કર્યા છે. સમિતિએ અહિંસક આંદોલનના પ્રાથમિક તબક્કામાં તલોદ બજારને સળંગ ત્રણ દિવસ બંધ રાખવાનું એલાન આપેલ છે. જે અન્વયે તા. ૨૪-૨૫ અને ૨૬ જૂન શુક્ર-શનિ અને રવિવાર એમ સળંગ ૩ દિવસ તલોદ બજાર બંધ રહેશે. બજારના વેપારી સંગઠનોની તથા લડત સમિતિની લડત ન્યાયી હોવાનું લેખીને તલોદ બંધના એલાનને તલોદ માર્કેટયાર્ડે પણ સમર્થન પુરૂ પાડેલ છે. જે અન્વયે તલોદ માર્કેટયાર્ડ શનિ-રવિ ખેત પેદાશોનું ખરીદ-વેચાણ બંધ રાખશે.

**તલોદ બજાર દબાણ લડત સમિતિનું એલાન**

અત્રે એ ઉલ્લેખનીય છે કે તલોદ બજારમાં શ્રી અંબાજી માતાજીના ચોકથી ટાવર ચોક સુધીના રોડ માર્ગની આસપાસ ઘણા સમયથી સેંકડો લારીઓ અને પાથરણાવાળાઓએ આડેધડ બેરોકટોક પણે દબાણો કર્યા છે. આમ થતાં નગરની ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ચુકી છે. બીજી તરફ બજારના કાયદેસરની મિલ્કતો ધરાવતા વેપારી પરિવારો માટે આ ખડકાયેલા દબાણો અસહ્ય માથાના દુઃખાવારૂપ બન્યા છે. ક્યારેક દબાણોવાળાના સમર્થનમાં અસામાજીક તત્વો ભળી જતાં અનેકવાર વેપારીઓ અને દબાણકર્તાઓ વચ્ચે વર્ગ વિગ્રહ જેવી સ્થિતિ પેદા થતાં તકરારો પણ થતી હોય છે. શાંતિપ્રિય વેપારી નગરના શાંત માહોલમાં દબાણોના રાફડાએ જાણે કે એક ખોફ પેદા કર્યો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

આ સમિતિએ તલોદ બજારની આ વણ ઉકલી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા લડી લેવાની સંપૂર્ણ તૈયારી કરી દીધી છે.

# મોડાસામાં કોંગ્રેસે મોંઘવારી સામે ઉગ્ર દેખાવો કર્યા

## મોંઘવારી નાથવામાં ભાજપા સરકાર નિષ્ફળ રહેતા શહેરમાં રેલી યોજી : ભાજપા વિરોધી સૂત્રોચ્ચાર પોકાર્યા હતા : આમ આદમીની પડખે કોંગ્રેસ

મોડાસા, તા. ૨૩

કેન્દ્રમાં ભાજપાની સરકાર અને વડાપ્રધાન મોદી આવશે તો ૧૦૦ દિવસમાં જાદુઈ છડી દ્વારા મોંઘવારી ઘટી જશે તેવો વાયદો કરીને પ્રજાને ગુમરાહ કરનાર ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર મોંઘવારી ઘટાડી શકી નથી તેમજ જીવનજરૂરીયાત ચીજવસ્તુઓમાં ભાવમાં સરેરાશ ૧૦૦થી ૪૫૦ ટકાનો વધારો થતા અરવલ્લી જિલ્લાના મધ્યમવર્ગીય અને ગરીબ લોકો તેમજ આમ આદમીની હાલત કફોડી બનતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આમ આદમીની પડખે ઉભા રહી તેમજ મોંઘવારીને કાબુમાં લેવા તેમજ ભાજપા સરકાર નિષ્ફળ નીવડતા ગુરૂવારે મોડાસા શહેરના માર્ગો પર રેલી યોજી ભાજપા સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા.

દેશમાં અને ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારી અને જીવનજરૂરીયાત ચીજવસ્તુઓના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. થોડાક સમય અગાઉ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યુ હતુ કે મારૂ કોઈ માનતુ નથી આ વાત સાચી પડી છે અને શાકભાજી, અનાજ, કઠોળ, પેટ્રોલ, ડીઝલ, ખાદ્યતેલના સંગ્રહખોરો બેફામ બનતા અને ભાજપના ભ્રષ્ટાચારથી તગડા બનતા જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ મોંઘવારીને કાબુમાં લેવા સદંતર નિષ્ફળ નીવડી છે. ચૂંટણી જીતવા આમ આદમીને ગુમરાહ કરવા મોંઘવારી ઘટાડવાની લોલીપોપ આપી ચૂંટણી જીતવામાં સફળ રહ્યા બાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નિષ્ફળ નીવડી આમ આદમીની ઉપેક્ષા કરતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર રેલી કાઢી મોંઘવારી સામે ઉગ્ર દેખાવો કરી ભાજપા સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.




અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહે એકીસૂરમાં જણાવ્યું હતું કે જો ભાજપા સરકાર મોંઘવારી નાથવામાં નિષ્ફળ રહી છે અને મોંઘવારી પર કાબૂ નહિ મેળવે તો આગામી સમયમાં મોંઘવારીના પ્રશ્ને અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આક્રમક કાર્યક્રમો યોજવામાં આવશે. મોંઘવારી સામાન્ય પ્રજાજનોને ભરખી જાય તે પહેલા સરકારની આંખ ઉઘડે તે જરૂરી છે. 'કહાં ગયે અચ્છે દિન' મોટી મોટી ગુલબાંગો હાંકતા ભાજપાના હોદ્દેદારોએ તેમની સરકાર મોંઘવારી નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે તે જોવુ રહ્યુ અને પ્રજાજનોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવુ જોઈએ તેમ કોંગ્રેસી કાર્યકરોએ જણાવ્યું હતું.

# માલપુરના મેવડા-જોગીવંટા નજીક અજાણ્યા વાહનની ટક્કરે બે બાઈકસવારના કરૂણ મોત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મેવડા ગામથી બે આશાસ્પદ યુવાનો કામકાજ અર્થે મેઘરજ જઈ રહ્યા ત્યારે જાણે યમરાજા મેવડા-જોગીવંટા રોડ પર તેમની રાહ જોઈને બેઠા હોય તેમ અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈકસવાર બન્ને યુવાનો રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે બન્ને યુવાનોના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



માલપુરના મેવડાના રહીશ અને તાજેતરમાં ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ કેવલ પંકજભાઈ પટેલ (ઉં.વ.૧૭) અને નદીવાળુ ગોવિંદપુરના રહીશ અને મામાના ઘરે મેવડા ગામે રહીને તાજેતરમાં ધો. ૧૦ની પરીક્ષા પાસ કરનાર નિહાર ડાહ્યાભાઈ પટેલ (ઉં.વ.૧૫) બાઈક ઉપર મેઘરજ તરફ જઈ રહ્યા હતા ત્યારે મેવડા-જોગીવંટા રોડ પર મેવડા નજીકથી આવતા કોઈ અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર બન્ને યુવાનોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ જીવલેણ અકસ્માત થતાં જ સામેથી આવેલા કોઈ અજાણ્યા વાહને ત્યાંથી પોતાનુ વાહન રિવર્સ કરીને મેઘરજ તરફ હંકારી વાહન ચાલક તેના વાહન સાથે નાસી છૂટ્યો હતો. આ અકસ્માતના સમયે આ બંને મૃતકો સિવાય બીજો કોઈ જ જોનાર વ્યક્તિ કે વાહન ચાલક પસાર થતો ન હોવાથી અકસ્માત સર્જનાર વાહનની ઓળખ થઈ શકી નથી. બીજી તરફ અકસ્માત સર્જાયા પછી માલપુર પોલીસે બન્નેના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માતની ઘટનાની જાણ મૃતક બન્ને યુવાનોના પરીવારજનોને થતા મોટી સંખ્યામાં માલપુર હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને બન્ને યુવાનોના મૃતદેહ જોઈ રોકકળ કરી મુકતા વાતાવરણ ગમગીન છવાઈ હતી.

# ધાનેરા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને જીવન જરૂરીયાતની કીટનું વિતરણ કરાયું

ધાનેરા, તા. ૨૩

ધાનેરાની સિવિલ હોસ્પિટલમાં આજે ધાનેરા એચ.આઈ.વી ગ્રસ્ત અને ગરીબ દર્દિઓને ધાનેરા માર્કેટયાર્ડ દ્વારા રસોડાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ કિલ્લો ઘઉં તેમજ રસોડાને લાગતો તમામ સામાન જે એક મહિના સુધી ચાલી શકે તેવી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાનેરા રેફરલ હોસ્પિટલના ડોક્ટર શૈલેન્દ્રસિંહ પરમાર, ઈશ્વરભાઈ ચૌધરી, ડો. દજાભાઈ મામલતદાર મોડસીંગ તેમજ એપીએમસીના ચેરમેન ભગવદાસ પટેલે હજાર રહી લોકોને કીટનું વિતરણ કર્યુ હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧



# અંબાજીમાં ભાજપના કાર્યકરો માટે પ્રશિક્ષણ અભ્યાસ વર્ગ શરૂ

ભારતિય જનતા પાટી દ્વારા દેશભરમાં ૧૧ કરોડ સભ્યોની નોંધણી કર્યા બાદ વિવિધ ક્ષેત્રોના ૧૫ લાખ કરતા વધુ કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કરવા માટે પંડિત દીન દયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત આજે યાત્રાધામ અંબાજી ખાતે પણ બનાસકાંઠા જીલ્લા ભાજપા દ્વારા દાંતા વિધાનસભા બેઠકના કાર્યકરો માટે બે દીવસીય ૨૪ કલાકનો પ્રશિક્ષણ અભ્યાસ વર્ગની શરૂઆત જીલ્લા ભાજપાના પદાધિકારીઓ દ્વારા દીપ પ્રગટાવી ને કરવામાં આવી હતી. જેમા પાર્ટી સહીત ભાજપા સરકારની વિવિધ કામગીરી સાથે વિવિધ યોજનાઓને લોકો સુધી પહોચાડવા માટેનુ જ્ઞાન આ અભ્યાસ વર્ગમાં આપવામાં આવી રહ્યુ છે. આ અભ્યાસ વર્ગમાં અંબાજી, દાંતા સહીત અમીરગઢ પંથકના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા અને આજે આ યોજાયેલા પ્રશિક્ષણ અભ્યાસ વર્ગની પુર્ણાહુતી કરવામાં આવી છે જેમાં માધુભાઈ રાણા, મહેશભાઈ દવે, અમરતભાઈ દવ,ઈન્દરલાલ ગુજ્જર, એલ.કે. બારડ, ગલબાજી ઠાકોર, સહીત ભાજપાના તાલુકા, જીલ્લા અને સ્થાનીક પદાધીકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

# પુંસરીના સરપંચ હિમાંશુ પટેલનું રોહતકના સરપંચ સંમેલનમાં ઉદ્બોધન

તલોદ, તા. ૨૩

દેશ અને રાજ્યમાં શ્રેષ્ઠ પંચાયત તરીકે નામના મેળવી ચુકેલ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગ્રામ પંચાયતના યુવાન સરપંચ હિમાંશુ પટેલને હરિયાણાના રોહતક ખાતે એક સરપંચ સંમેલનને સંબોધવાની મુલ્યવાન તક મળતા પંથકને ગૌરવ પ્રાપ્ત થયું છે. રોહતક ખાતે સરપંચોના મળેલા એક વિશાળ સંમેલનમાં હિમાંશુ પટેલે 'મોડેલ વિલેજ, બેટી બચાવો અને બેટી પઢાવો' એ વિષય ઉપર મનનીય વક્તવ્ય આપ્યુ હતુ.

તલોદ તાલુકાના પુંસરી ગામને આદર્શ ગામ જાહેર કર્યા બાદ કેન્દ્ર સરકારે 'સાંસદ આદર્શ ગામ'ની યાદીમાં પણ સ્થાન પામેલ છે. કેન્દ્ર કક્ષાએ 'રોલ મોડેલ' બન્યા બાદ અનેક રાજ્યોના ગ્રામ વિકાસ માટે પુંસરી સરપંચને આમંત્રણ મળેલ. જે અનુસાર મળેલા હરિયાણાના આમંત્રણને પગલે તેઓએ રોહતક ખાતે યોગ્ય ફરજ બજાવી હતી. રોહતક ખાતેની જીન્દાલ યુનિવર્સિટીમાં આઈ.આઈ.એમ. અને આઈ.આઈ.ટી.ના અંદાજીત ૧૦૦૦ જેટલા વિદ્યાર્થી સમુદાયને મુખ્ય વક્તા તરીકે હિમાંશુ પટેલ વિષયગત સંબોધન કર્યુ હતુ. જ્યારે પાણીપત ખાતે ૩૦૦ જેટલા સરપંચોના સંમેલનને સંબોધન કરવાનો પણ અણૂલ્ય ચાન્સ પુંસરી સરપંચને મળ્યો હતો.